GCCI

# Gujarat Chamber of Commerce & Industry

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad - 380 009. INDIA.
079-2658 2301/2/3/4, 2658 0527 **Fax No.** 079-2658 7992
gccci@gujaratchamber.org | www.gujaratchamber.org

7694.

## Press Note

૧૩ જુલાઇ, ૨૦૧૯

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની બિઝનેસ વિમેન વિંગ દ્વારા શનિવાર તા.૧૩-૭-૨૦૧૯ના રોજ બિઝનેસ વિમેન વિંગના નવા નિમાયેલા ચેરપર્સન શ્રીમતી ફણી ત્રિવેદી, કો-ચેરપર્સન શ્રીમતી અર્ચના ગુપ્તા અને વર્કીંગ કમિટિના સભ્યોના પદવીદાન સમારંભ તેમજ યુનિયન બજેટ-૨૦૧૯-૨૦ અંગેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં ગુજરાત ચેમ્બરના માનદ્-મંત્રી શ્રી સંજીવ છાજર, માનદ્-ખજાનચી શ્રી પથિક પટવારી, મુખ્ય મહેમાન તરીકે શિક્ષણ જગતના જાણીતા ડૉ. મંજુલા પુજા શ્રોફ, મેનેજીંગ ડીરેક્ટર અને સી.ઇ.ઓ., કોલોરેક્સ ગ્રુપ અને અતિથિ વિશેષપદે જેમ્સ અને જ્વેલરી ઉદ્યોગના જાણીતા શ્રીમતી દીપા શાહ ઉપસ્થિત રહ્યા હતા. યુનિયન બજેટ-૨૦૧૯-૨૦ના સેશન માટે સી.એ. આરતી શાહ અને જીટીપીએલ ના એન્કર શ્રી ઉન્મેશ દિક્ષિત પણ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્ય મહેમાન ડૉ. મંજુલા પુજા શ્રોફે પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા હતા અને સૌને અભિનંદન પાઠવ્યા હતા. બિઝનેસ વિમેન વિંગના પૂર્વ ચેરપર્સન તેમજ આજના અતિથિવિશેષ શ્રીમતી દીપાબેન શાહે નવા નિમાયેલા ચેરપર્સન, કો-ચેરપર્સન તેમજ વર્કીંગ કમિટિના સભ્યોને અભિનંદન પાઠવ્યા હતા.

યુનિયન બજેટ ૨૦૧૯-૨૦ અંગેના કાર્યક્રમમાં સી.એ. આરતી શાહ દ્વારા બહેનોને સંલગ્ન તેવા વિવિધ ક્ષેત્રો માટે બજેટમાં થયેલ જાહેરાતો અંગે માહિતી અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. જીટીપીએલના શ્રી ઉન્મેશ દિક્ષિત દ્વારા બજેટ-૨૦૧૯-૨૦ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

નવી કારોબારીનું ગઠન અને વર્ષ દરમ્યાન સહકાર, શક્તિ, સંગઠન અને સ્ત્રી સશક્તીકરણના નાવીન્યસભર કાર્યક્રમ કરવા સૌ કટિબદ્ધ હતા.

**તંત્રીશ્રી/ચીફ રીપોર્ટરશ્રી/કોમર્શીયલ એડીટરશ્રી/બ્યૂરો ચીફ/ન્યૂઝ એડીટરશ્રી,**
**યોગ્ય પ્રસિદ્ધિ સારુ વિનંતી સહ રવાના,**

13/7/2019

**ક્તુ દેસાઇ**
*સેક્રેટરી જનરલ*